<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2488

વિષય:

કચ્છ જિલ્લાના ખારઈ ગામની જમીન માપણી કરી દુરસ્તી કરવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: 31/01/2024 | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 21/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 07/02/2024 |
|---|---|---|

*15/4/2488 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા(પોરબંદર)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કલેકટર કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્રથી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ખારઈ ગામના સર્વે નંબરોમાં જમીનની માપણી કરી દુરસ્તી કરીને લીઝમાંથી મુકત/છુટી કરવા સરકારને જણાવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરીને ઉકત ગામના કેટલા સર્વે નંબરોવાળી જમીનની માપણી કરી દુરસ્તી કરવામાં આવી અને કેટલા સર્વે નંબરવાળી જમીનની માપણી કરી, કયા કારણોસર દુરસ્તી કરવાની બાકી છે, અને

(૩) ઉકત બાકી કામગીરી કયાં સુધીમાં પુર્ણ કરીને દુરસ્તી કરવામાં આવશે?

----